# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ શહેર

બ્લોક- એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૫૨

ક્રમાંક:જિશિઅ/બોર્ડ/૨૦૨૩-૨૪/4821

તા. ૨૧/૧૨/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી (માધ્યમિક શાળાઓ તમામ),

અમદાવાદ શહેર.

વિષય:- માર્ચ-૨૦૨૪ ધોરણ-૧૦ એસ.એસ.સી.ની પ્રિ-બોર્ડ પરીક્ષાનું આયોજન કરવા બાબત.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ શહેર ખાતે સંકલન સમિતિની બેઠક મળેલ. જેમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા આગામી માર્ચ-૨૦૨૪ માં લેવાનાર SSC/HSC એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષાને અનુલક્ષીને નવા જાહેર થયેલ પરિરૂપ મુજબ વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી માટે ઉપયોગી થાય તે માટે અત્રેની કચેરી દ્વારા બોર્ડના મુખ્ય વિષયો માટે <u>ઈ-પ્રશ્નબેંક તથા બે આદર્શ પ્રશ્નપત્ર</u> અમદાવાદ શહેરની જુદી જુદી શાળાઓના વિષય નિષ્ણાત શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રશ્નબેંક તથા આદર્શ પ્રશ્નપત્રની મદદથી વિદ્યાર્થીઓ સારા ગુણ મેળવી સફળતા પ્રાપ્ત કરે તેવો ઉમદા આશય છે. આ પ્રશ્નબેંકની નિ.શુલ્ક છે. તથા આ પ્રશ્નબેંક ઈ-પ્રશ્નબેંક હોવાને કારણે વિદ્યાર્થીઓને જે વિષયમાં મહાવરાની જરૂર હોય તે વિષયની પ્રશ્નબેંક ડાઉનલોડ કરી મહાવરો કરી શકે છે ફક્ત QR CODE સ્કેન કરી તમામ આચાર્યશ્રી, શિક્ષકશ્રી, વાલીઓ તથા વિદ્યાર્થીઓ સુધી આ પ્રશ્નબેંક ડાઉનલોડ કરી શકે છે પ્રશ્નબેંક માટે QR CODE તથા લીંક શાળાઓને સત્વરે મોકલી આપવામાં આવશે. જે મળેથી તમામ શાળાઓએ પોતાની શાળાના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓને આ ઈ-પ્રશ્નબેંક પહોંચાડવા જણાવવામાં આવે છે.

આ ઉપરાંત ગત વર્ષે અત્રેની કચેરી દ્વારા ધોરણ-૧૦ (SSC) ના વિદ્યાર્થીઓ માટે માટે પ્રિ-બોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ. શાળાઓ દ્વારા ખુબ જ આવકારદાયક અમલ કરવામાં આવેલ. તથા વિદ્યાર્થીઓને પણ પ્રિ-બોર્ડ પરીક્ષાને કારણે બોર્ડ પરીક્ષામાં ભયમુક્ત આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શક્યા હતા.

આ વર્ષે પણ સંકલન સમિતિની બેઠકમાં થયેલ નિર્ણય મુજબ ધોરણ-૧૦ (SSC) ના વિદ્યાર્થીઓ પ્રથમવાર બોર્ડ પરીક્ષા આપતા હોવાથી તેઓ માટે બોર્ડના આયોજન મુજબ લેવાનાર પ્રિલીમ પરીક્ષામાં જ <u>પ્રિ-બોર્ડ પરીક્ષાનું</u> આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. બોર્ડના કેલેન્ડરમાં દર્શાવેલ પ્રિલીમ પરીક્ષા <u>તા.૨૯/૦૧/૨૦૨૩ થી તા.૦૭/૦૨/૨૦૨૪</u> દરમ્યાન લેવાનાર છે. આ પ્રિલીમ પરીક્ષામાં જ બોર્ડની પરીક્ષાની જેમ જ આયોજન કરી SSC (ધોરણ-૧૦) ના મુખ્ય વિષયો અંગ્રેજી, ગુજરાતી, ગણિત (સ્ટાન્ડર્ડ, બેઝીક), વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાન વિષયની પ્રિ-બોર્ડ પરીક્ષાનું આયોજન કરેલ છે. પ્રિ-બોર્ડ પરીક્ષાનું આયોજન ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દી માધ્યમની શાળાઓ માટે કરવામાં આવેલ છે.

પરીક્ષાનો અભ્યાસક્રમ તથા પ્રશ્નપત્રનું પરિરૂપ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મુજબનું રહેશે. વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપતા હોય તે મુજબ પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે જેથી વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક, ભયમુક્ત રીતે, શાંતિપૂર્ણ રીતે, દ્રઢ મનોબળ સાથે પરીક્ષા આપી શકે. પ્રિ-બોર્ડ પરીક્ષા માટે નીચેની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

- પરીક્ષાનું સંચાલન બોર્ડની પરીક્ષા મુજબ જ કરવાનું રહેશે.
- તમામ શાળાઓએ ધોરણ-૧૦ એસ.એસ.સી પ્રિ-બોર્ડ પરીક્ષા અત્રેથી આપવામાં આવનાર સમયપત્રક મુજબ જ પરીક્ષા લેવાની રહેશે.
- ધોરણ-૧૦ એસ.એસ.સી પ્રિ-બોર્ડ પરીક્ષાના પ્રશ્નપત્રોની રચના બોર્ડના નિયત પરિરૂપ મુજબ અત્રેની કચેરી દ્વારા કરવામાં આવશે.
- ધોરણ-૧૦ એસ.એસ.સી પ્રિ-બોર્ડ પરીક્ષાના પ્રશ્નપત્રોની રચના બોર્ડના નિયત પરિરૂપ મુજબ ૮૦ ગુણના રહેશે તથા અત્રેની કચેરી દ્વારા પ્રશ્નપત્ર મોકલવમાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા તમામ SVS/QDC કન્વીનરશ્રીઓને સીલબંધ પ્રશ્નપત્રોના પેકેટ મોકલવમાં આવશે.

Phone:- 079-26442961

E-mail Address – ahmcdeo@gmail.com

- SVS/QDC કન્વીનરશ્રીઓએ પોતાના સંકુલની તમામ ખાનગી/ગ્રાન્ટેડ/સરકારી માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને ગોપનીય રીતે આ સીલબંધ પ્રશ્નપત્રોના પેકેટ મોકલવના રહેશે.
- આ પ્રશ્નપત્રોની ગોપનીયતા જળવાઈ રહે તેની સંપૂર્ણ કાળજી રાખવાની રહેશે.
- વિદ્યાર્થીઓને ઉત્તર લખવા માટે બોર્ડની પરીક્ષામાં ઉપયોગમાં લેવાતી ઉત્તરવહી મુજબની ઉત્તરવહીની વ્યવસ્થા, બ્લોકવાઇઝ ૦૦૧ પત્રક તેમજ વિદ્યાર્થીઓની હોલટીકીટ પૂર્વ તૈયારી શાળાએ કરવાની રહેશે. શાળાઓએ પોતાની શાળાના પ્રિ-બોર્ડ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને બોર્ડની હોલટીકીટના નમુના મુજબની હોલટીકીટ આપવાની રહેશે.
- શાળાઓએ પ્રિ-બોર્ડ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની વિષયવાર સંખ્યાની માહિતી શાળાના લેટરહેડ પર સબંધિત બીટ મ.શિ.નિ.શ્રીને મોકલી આપવાની રહેશે.

આમ, પ્રિ-બોર્ડ પરીક્ષાના સંચાલન દ્વારા વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાનું વાતાવરણ પૂરું પાડી તે મુજબના અનુભવ દ્વારા પરીક્ષાના હાઉ(ડર) દુર કરવાનો આ પ્રયાસ છે. જે મુજબ તમામ આચાર્યશ્રીઓ તેમાં ભાગીદારી નોધાવી વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ રીતે કોઈ પણ મુશ્કેલી વગર નિર્ભયતાથી ગેરરીતી રહિત વાતાવરણમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપી શકે તેવા વાતાવરણનું નિર્માણ કરીએ. આપ સૌ સ્થળ સંચાલક તરીકેની આપની મહત્વપૂર્ણ કામગીરી પવિત્ર ફરજ રૂપે નિષ્ઠાપૂર્વક નીભાવશો તેવી અભ્યર્થના સાથે.

આ સાથે જે વિષયની પ્રિ-બોર્ડ પરીક્ષાના લેવાનાર છે જેના વિષય અને વિષય કોડ નીચે મુજબ છે. તથા પ્રિ-બોર્ડ પરીક્ષાનું સમયપત્રક પાછળથી મોકલી આપવામાં આવશે.

| ક્રમ | વિષય | વિષય કોડ |
|---|---|---|
| ૧ | ગુજરાતી (પ્રથમ ભાષા) | ૦૧ |
| ૨ | ગુજરાતી ( દ્વિતીય ભાષા) | ૧૩ |
| 3 | અંગ્રેજી (પ્રથમ ભાષા) | ૦૪ |
| ૪ | અંગ્રેજી (દ્વિતીય ભાષા) | ૧૬ |
| ૫ | વિજ્ઞાન અને ટેકનોલોજી | ૧૧ |
| ૬ | સામાજિક વિજ્ઞાન | ૧૦ |
| ૭ | ગણિત સ્ટાન્ડર્ડ | ૧૨ |
| ૮ | ગણિત બેઝીક | ૧૮ |

જિલ્લા શિક્ષણાધિકારી,
અમદાવાદ શહેર